સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હે! વાણીની દેવી શારદા, વંદન હો વાક્‌બારસ,
મત માટે પૂજાય, વંદન હો, ગોવત્સ બારસ!
વંદન હો એ વાઘો, મની-મસલ્સના નેતૃત્વને -
માં ફાડી બેઠી માંધવારી, વંદન વાઘ બારસ!

હાઈકુ

વાઘ બારસ,
દિપોત્સવ પ્રારંભ!
સૌને શુભેચ્છા...

ધૂમ ધડાકા
ને દંભના દીવડે -
બળે હૃદય

ચિંતન

કાલવિત્ કાર્ય સાધયેત્ ।

સમય પારખુ મનુષ્યને કાર્ય સિદ્ધિ સાંપડે છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે. કોઈ પણ કાર્ય કરવાનો એક 'અનુકૂળ' સમય હોય છે. અને એ અનુકૂળ સમયને પારખનાર વ્યક્તિ ને એ કાર્ય અનાયાસ પણે સિદ્ધ થઈ જાય છે. મનુષ્યે દેશકાળ, આત્મશક્તિ, દ્રવ્ય તથા એનો ઉપયોગ અને એની વ્યવસ્થા આદિને સમજી જાણીને કાર્ય કરવું જોઈએ. બુદ્ધિમાન પુરુષ સમય અનુકૂળ છે કે પ્રતિકૂળ, મારી પાસે કેટલા ચાહકો છે, મારી પરિસ્થિતિ - મારા સંજોગો કેવા છે, આ કાર્ય કરવામાં કેટલો ખર્ચ થશે અને એનાથી શો લાભ થશે એ બધી બાબતો વિચારી એ કાર્યનો પ્રારંભ કરે છે. જે વ્યક્તિ આ રીતે સમય પારખી - ઓળખીને કાર્યમાં ઝંપલાવે છે એને એ કાર્યમાં અવશ્ય સિદ્ધિ સાંપડે છે.

દરેક કામ કરવાનો યોગ્ય સમય હોય છે. સમય પારખીને જ કોઈ પણ કામ હાથમાં લેવું અને પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને વળગી રહેવું જોઈએ. પોતાની શક્તિ અને મર્યાદાઓનો સંપૂર્ણ વિચાર કરી લેવો જોઈએ.

સુવિચાર

- આજના જમાનામાં સ્થિતિ એવી ગઈ છે કે સદાચારે મૌન ધારણ કર્યું છે, અને અંધકાર પ્રકાશની મશ્કરી કરી રહ્યો છે - **અમૃતબિંદુ**
- શબ્દોના ઉચ્ચારણ તથા શ્રવણ વખતે વિવેકના ગરણાંને કાયમ હાજર રાખો - **એસ. ભટ્ટાચાર્ય**
- જેટલા પ્રમાણમાં આત્મભાન, એટલા જ પ્રમાણમાં આત્મવિશ્વાસ છે - **સુરેશ દલાલ**
- સબ કુછ હોતા હૈ ઈસ તરક્કી કે જમાને મેં, મગર અફસોસ આદમી ઈન્સાન નહીં હોતા - **મુનવર રાણા**
- ઈશ્વર ગણ્યા'તા એ જ તો પથ્થર બની ગયા, કરવા પ્રહારો દોસ્તો તત્પર બની ગયા - **હિતેન આનંદપરા**
- જયારે એક વૃક્ષ સ્વર્ગ સુધી જાય છે ત્યારે એના મૂળિયાં નરકને સ્પર્શે છે - **અરેબિયન કહેવત**
- આજનું ઔષધ : મેંદીના પાનને વાટી તેની લુગ્દી દાઝ્યા પર લગાવવાથી ઠંડક થાય છે એન રૂઝ જલદી આવે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જે માણસ કઠોર, જકડી સ્વભાવના અને જડબુદ્ધિ અહંકારી હોય છે તેમનું પતન જલદી થાય છે જે નમ્ર-ક્ષમાવાન અને વ્યવહારુ હોય છે તે જિંદગીની સમસ્યાઓ સામે ટકી જાય છે.

કન્ફ્યુશિયસને કોઈએ એમના શાંત ઠરેલ સ્વભાવ અને દીર્ઘ આયુષ્યનું રહસ્ય પૂછ્યું.

સંત કન્ફ્યુશિયસે પોતાનું મોઢું ખોલી આગળના બેચાર પડેલા દાંત બતાવ્યા અને કહ્યું, જૂઓ હું જન્મ્યો તારે જ જીભ મારી સાથે આવી પણ દાંત મોડા આવ્યા. આજે જીભ એવી ને એવી કોમળ-લચાકેદાર છે પણ દાંત ખખડી ગયા છે. કારણ તમે જાણો છો? જીભ નમ્ર છે અને દાંત અક્કડ - અહંકારી અને કઠોર છે. જીવનમાં શાંતિ અને આયુષ્યનું પણ આવું જ છે.

હિંદુત્વ એ ધર્મ કરતાં ઉફરી ચીજ છે

તંત્રીસ્થાનેથી...

તીસ્તા સેતલવાડના વકીલ દ્વારા સુપ્રીમ કોર્ટ દ્વારા એકવીસ વર્ષ અગાઉ કરાયેલ હિંદુત્વની વ્યાખ્યાની સમીક્ષા કરવાની અપીલને વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિએ ફગાવી દીધી છે. જસ્ટિસ ટી.એમ. ઠાકુરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટ દ્વારા હિંદુત્વને જીવનશૈલી લેખે પરિભાષિત કરાયેલ છે તે ચુકાદામાં એમને કોઈ જ નુક્તેચીની કરવી નહીં ગમે. વર્તમાન અદાલત પણ એના પૂર્વસૂરિઓની પરિભાષાને વળગી રહેવાનું જ પસંદ કરશે. હા, ધર્મના નામે રાજકારણ થવું જોઈએ કે નહીં અથવા રાજકારણમાં ધર્મની દખલ અંદાજી રહેવી જોઈએ કે નહીં તે મુદ્દે ચર્ચા કરવા અદાલત સંમત છે. મૂળે હિંદુત્વ એ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા સતત ઉજાગર થતો મુદ્દો રહ્યો છે. 'હિંદુ રાષ્ટ્ર'ની વીર સાવરકરની સંકલ્પના અને સંઘના સંસ્થાપક કેશવલ બલિરામ હેડગેવારથી લઈ વર્તમાન સર સંઘચાલક મોહન ભાગવત સુધીના અગ્રણીઓ દ્વારા સતત ચાલતી રહેતી ઝુંબેશની ભારતીય રાજકારણ અને વૈશ્વિક સંબંધો પર પ્રભાવક અસર ઊભી થઈ છે. હિંદુ-મુસ્લિમ ઐક્યના હિમાયતી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ અનેક ધર્માચાર્યો સાથેના સંવાદને અંતે પોતે હિંદુ ધર્માનુયાયી હોવાના મુદ્દે કયારેય ક્ષોભ નહોતો અનુભવ્યો. અલબત્ત, દલિતોને અસ્પૃશ્ય ગણવાના મુદ્દે એ જરુર શરમ અનુભવતા રહ્યા અને આજીવન એ કલંક દૂર કરવા સંઘર્ષ કરતા રહ્યા. દલિતોના મસિહા ડૉ. બાબાસાહેબ આંબેડકરે અસ્પૃશ્યતાના મુદ્દે ધર્માંતરણ કરી ભારતીય સંસ્કાર ધરાવતો બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. હિંદુત્વને જીવનશૈલી તરીકે વ્યાખ્યાયિત કરવાથી સંઘ અને ભાજપ માટે ભારે સાનુકૂળતા સરજાવા પામી છે. વિરોધીઓ કટ્ટર હિંદુત્વનો મુદ્દો ચગાવી ભાજપને સાંપ્રદાયિક પાર્ટી ગણાવે છે. પરંતુ સંઘની વ્યાખ્યા તો ઘણી ઉદાર છે. એ તો 'આસેતુ હિમાલય' એટલે કે દક્ષિણમાં રામેશ્વર અને કન્યાકુમારીથી ઉત્તરમાં હિમાલય સુધી ફેલાયેલા પ્રદેશને હિંદુસ્થાન તરીકે ઓળખે છે અને જે કોઈ હિંદુસ્થાનમાં રહે છે તેને હિંદુ માન છે! આમ ભાષાની ચબરાકીને કારણે હિંદુ મતદારાઓનું ધ્રુવીકરણ કરતી જમણેરી પાર્ટીને અદાલત તરફથી સંરક્ષણ મળતું રહ્યું છે. એ દૃષ્ટિએ જોતાં ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મો પણ જીવનશૈલીઓ જ ગણાય. પરંતુ હિંદુત્વની જે વ્યાપક વ્યાખ્યા થઈ છે તેવી આ ધર્મોની થઈ નથી. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો હંમેશા લઘુમતીઓને પંપાળતા હોવાનો આક્ષેપ થતો રહ્યો છે. કેટલેક અંશે તેમાં તથ્ય પણ છે. આ દેશમાં હિંદુ ધર્માવલંબીઓની બહુમતી છે, એટલે એમને પોતાના જીવનમૂલ્યો - દા.ત., - મૂર્તિપૂજા, ગૌરક્ષા, ગંગાપૂજન વગેરેનો બંધારણ પણ સ્વાભાવિક રીતે જ મૂળભૂત અધિકાર આપે છે. આ મુદ્દાઓ જયારે રાજકારણની એરડે ચડે છે ત્યારે બહુમતી - લઘુમતી સામસામી આવી જાય છે. ચૂંટણી જીતવા માટે આવા મુદ્દાઓ વાપરી શકાય કે કેમ એ સંદર્ભે અદાલત ચર્ચા કરવા તૈયાર છે. પરંતુ હિંદુત્વની એકવીસ વરસ અગાઉ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલ વ્યાખ્યાની કોઈ સમીક્ષા કરવા જતાં સુપ્રીમ કોર્ટ પોતાના જ ચુકાદાને પડકારતી હોય એવું લાગે. એથી વર્તમાન વડા ન્યાયમૂર્તિએ અપનાવેલો અભિગમ વાજબી જરુર છે, પરંતુ ધર્મના નામે નિર્દોષ મતદાતાઓને બહેકાવવા એ તો ગુનો જ ગણાવો જોઈએ - પછી એ હિંદુ હોય કે મુસલમાન. ધર્મના નામે ફતવા કે આદેશ જારી કરવા સામે અદાલત જરુર કડક વલણ અપનાવી શકે. જો કે એમ કરવાથી પણ ખેલંદા રાજકારણીઓ એમની હલકી રીતરસમો ત્યજી દેશે, એવી અપેક્ષા વધુ પડતી જ લેખાશે. રાજકારણમાં હવે સત્તા સિવાય કોઈ મૂલ્ય કે સિદ્ધાંત જેવું રહ્યું છે જ કયાં?

નૂતન વર્ષનું રીઝોલ્યુશન–સમ્પૂર્ણ સ્વાસ્થ્ય

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણે અહિ ૩૧મી ડીસેમ્બરના દિવસે 'ન્યુ યર રીઝોલ્યુશન' લેવાનો ટ્રેન્ડ છે. લોકો એ દિવસે કોઇ ને કોઇ સારો સંકલ્પ કરે અને તેને અનુસરવાનો પ્રયત્ન કરે. દિવાળી અને નૂતન વર્ષ ખૂબ નજીક છે, તો આપણે પણ આપણા 'ઓરીજીનલ' નૂતન વર્ષે એક રીઝોલ્યુશન લઇએ કે 'આપણે સમ્પૂર્ણ સ્વાસ્થ્ય મેળવવા અને તેને ટકાવી રાખવા માટે સજાગ રહી પ્રયત્નો કરીશું.' આ રીઝોલ્યુશન આપણા માટે, આપણા પરિવારજનો માટે, સમાજ માટે, તેમજ દેશ માટે ખૂબ જરૂરી છે.

તો આ સમ્પૂર્ણ સ્વાસ્થ્ય છે શું? વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) મૂજબ સ્વાસ્થ્યની વ્યાખ્યા જોઈએ તો સ્વાસ્થ્ય એ ફક્ત રોગનો અભાવજ નહિં પરંતુ શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક રીતે નિરામય હોવું તે છે. આ જ વાત મહર્ષિ સુશ્રૂતે સુશ્રૂતસંહિતામાં કરી છે. મહર્ષિ સુશ્રૂત સ્વાસ્થ્યની વ્યાખ્યા આપતા કહે છે "જે વ્યક્તિના દોષો સમ હોય, અગ્નિ (પાચનતંત્ર સમ હોય), ધાતુઓ સમ હોય, અને મલ સમ હોય તેમજ જેની આત્મા, ઇન્દ્રીયો તેમજ મન પ્રસન્ન હોય તે વ્યક્તિને સ્વસ્થ જાણવી"

ઉપરની વ્યાખ્યા જોતા સમ્પૂર્ણ સ્વાસ્થ્યને આપણે ચાર ભાગમાં વિભાજીત કરી શકીએ. શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય, સામાજીક સ્વાસ્થ્ય, અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય. આ ચારેય પ્રકારના સ્વાસ્થ્ય કેવી રીતે મીળવી શકાય તે બાબતે થોડો વિચાર કરીએ.

શારીરિક સ્વાસ્થ્ય: શરીરના ત્રણેય દોષો એટલે કે વાયુ, પિત્ત, અને કફ સમ રહે તો શારીરિક સ્વાસ્થ્ય ઉત્તમ રહે. અમુક નિયમો સૌને માટે લાગુ પડી શકે, જેમકે મિતાહારી રહેવું, પચવામાં ભારે પડે તેવા આહાર ન લેવા, સાત્વિક તાજો આહાર લેવો, નિયમિત યોગ્ય વ્યાયામ કરવો, અને વહેલા સુઇને વહેલા ઉઠવું. અમુક નિયમો વ્યક્તિગત પ્રકૃતિ પર આધારીત છે, એટલે કે પોતાના શરીરની પ્રકૃતિને ઓળખી તે અનુસાર આહાર-વિહાર અને ઔષધ પર ફોકસ કરવું પડે. જેમકે સામાન્યતઃ લોકો મરી-મેથી આદિ ટોનિક તરીકે લેતા હોય છે પણ પિત્ત પ્રકૃતિવાળાઓ માટે કદાચ આ અનુકૂળ ન આવે.

માનસિક સ્વાસ્થ્ય: આજના સમયમાં માનસિક સ્વાસ્થ્ય જાળવવું ખૂબ જરૂરી છે. મોટા ભાગના લોકો સ્ટ્રેસ-ટેન્શન, ડીપ્રેશન, અને સહનશીલતાના અભાવની લાગણીઓનો અનુભવ કરતા હોય છે. ખૂબ બધી અપેક્ષાઓ, જવાબદારીઓ, અને મહત્વાકાંક્ષાઓને કારણે સંતોષ અને શાંતિનો અનુભવ નથી જણાતો. પરિણામે વ્યક્તિ સાઇકીયાટ્રીક દવાઓના ચક્કરમાં ફસાતો જાય છે. આયુર્વેદમાં માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે ખૂબ સુંદર ઉપચારોનું વર્ણન છે. વ્યક્તિ સદાચારી બને અને માનસિક સ્વસ્થ બને તે માટે સદ્વૃત્તનું વર્ણન છે. (આ અંગે અગાઉ વિસ્તૃત લેખ લખાઇ ચુકેલ છે) આ ઉપરાંત મનના સાત્વિક ભાવો વધે તે માટે અમુક શ્રેષ્ઠ મેધ્ય રસાયણો જેવાકે બ્રાહ્મી, શંખપુષ્પી, જ્યોતિષ્મતી આદિનો ઉલ્લેખ છે. આ ઉપરાંત નિયમીત ધ્યાન અને પ્રાણાયામ માનસિક સ્વાસ્થ્યની પાયારૂપ ચાવી છે સામાજીક સ્વાસ્થ્ય: આપણે રોજ-બરોજ અનેક લોકોના સંપર્કમાં આવીએ છીએ. આપણા વાણી-વ્યવહાર-વર્તન પરથી આપણું સામાજીક સ્વાસ્થ્ય નક્કી થતું હોય છે. આયુર્વેદમાં અમુક "કોડ ઓફ કંડક્ટ" આપેલ છે જે માણસને માણસ બનતા શીખવે છે. આ કંડક્ટ અનુસાર વ્યક્તિએ મિતભાષી રહેવું, બીજી વ્યક્તિને માન આપવું, સહનશીલ બનવું, દયાભાવ રાખવો, હસતા રહેવું આદિ અનેક સૂચનો કરેલ છે. સામાજીક સ્વાસ્થ્ય સારું રાખવું હોય તો નરસિંહના "વૈષણવજન.." ને અનુસરવાનો આગ્રહ રાખવો.

આધ્યાત્મિક સ્વાસ્થ્ય: અગાઉના ત્રણેય સ્વાસ્થ્યને સિધ્ધ કર્યા બાદ શિરમોર આવે છે આધ્યાત્મિક સ્વાસ્થ્ય. વ્યક્તિનો મૂળ હેતુ આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો એટલેકે આધ્યાત્મિક રીતે સ્વસ્થ રહેવાનો છે. આ માટે નામ-જપ, મંત્ર-માળા, હોમ-હવન, બંદગી-હોલી બાથ, યોગ-સમાધિ આદિ અનેક રસ્તાઓ છે. વ્યક્તિ પોતાની રૂચિ મૂજબના રસ્તાને પસંદ કરી તેમા શ્રધ્ધા અને વિશ્વાસ રાખે તેમજ બીજા રસ્તાઓને આદર આપે તો આધ્યાત્મિક સ્વાસ્થ્ય મેળવી શકે. એટલું ચોકકસ છે કે આધ્યાત્મિક રીતે સ્વસ્થ કે ઉન્નત થવું હોય તો શારીરિક, માનસિક અને સામાજીક સ્વસ્થતા કેળવવી જ પડે. જો શારીરિક રોગોથી ગ્રસ્ત પથારીવશ હોઇએ, જો માનસિક રીતે વ્યગ્ર અને ઉચાટયુકત હોઇએ, અને જો પરવ્યક્તિ, સમાજ, દેશ, અને વિશ્વ સાથે સદભાવ ન રાખતા હોઇએ તો આધ્યાત્મિક ઉન્નતિ (સ્વાસ્થ્ય)

અનુસંધાન પાના નં. ૫ પર

આવો, આવો દિવાળીને મળીએ...

મનના ઉમંગો
રણછોડ પરમાર

નવરાત્રીનો થાક ઉતરે ના ઉતરે ત્યાં તો દિવાળીનું કામકાજ શરુ થઈ જાય છે. જાગૃત મહિલાઓ (એટલે નવરાત્રીમાં આરતી થાય અને પ્રસાદ વહેંચાઈ એટલો સમય જાગનારી) અર્થાત્ દીકરીઓની માતાઓ અને વહુવારુંની સાસુઓ ઘરની અજાગ્રત મહિલાઓ (એટલે નવરાત્રીમાં આખી રાત દાંડિયા ટીંચવાવાળી) એટલે કે પોતાની દીકરીઓ અને દીકરાઓની 'વાઈફો' કયારે સહેજ નવરી પડે એની વાટ જોઈને જ બેઠી છે. જેવું કોઈ પુત્રી હાથમાં છાપું ઝાલે કે પુત્રવધૂ ટીવીની રીમોટ હાથમાં લે એ તરત જ બોલવાની, 'હું શું કહું છું અલી મધુ, આજ તડકો બહુ સરસ નીકળ્યો છે તો ઉપલા માળના કબાટખાના ગોદડાં લગાર ધાબે નાખી આવશું?' કાન્તાબેન 'લગાર' શબ્દ એટલો હળવેકથી બોલે કે જાણે પાંચ વરસના છોકરાંની નાનકડી ગોદડી સૂકવવા જવાની હોય! સાંભળવા વેંત મધુથી ઊંડો શ્વાસ લેવાઈ જાય, માંડ માંડ બોલી શકે. 'શું ઉતાવળ છે મમ્મી? બે દિવસ પછી નાખીશું તો શું ખાટુંમોળું થઈ જવાનું છે? હજી તો દિવાળીને ઘણી વાર છે!' આમાં 'ખાટુંમોળું' શબ્દનું ઉચ્ચારણ ખાસ સાંભળવા જેવું હોય છે. એના ધ્વનિ પરથી તમે જાણી શકો કે એ કોણ બોલ્યું હશે? પરંતુ આ સાંભળતાની સાથે માતાજીના મોંઢા પર પાણીદાર છાસ જેવી મોળાશ આવી જાય. 'મારે શું બાઈ? આ તો તડકો સરસ નીકળ્યો એટલે મારાથી કહેવાઈ ગયું! બાકી તું તારે નવરી પડે ત્યારે સૂકવજે ને!' આટલું બોલ્યા પછી માતાજી કાં તો છાપું હાથમાં લે કાં તો રિમોટ,જે બીજાના હાથમાં ના હોય. ટીવી જોતાં જોતાં અથવા છાપું વાંચતા વાંચતા વારેઘડીએ બહાર નજર કરયા જાય અને દસપંદર મિનિટે બોલતાં જાય 'બાકી આજ તડકો બહુ મઝાનો નીકળ્યો છે હોં!'

ગોદડાં-ઓશિકાં તપાવવાનું કામ પતે ના પતે ત્યાં કબાટ અને માળિયાઓની સાફસૂફી હાથ ધરવામાં આવી જાય. સાફ-સફાઈના કામની સાથોસાથ જ ઘરના આદમીને (પુત્ર અથવા પતિ - જે ઝપટે ચડ્યો હોય) પસ્તી અને બીજા ભંગારના નિકાલની કામગીરી સોંપી દેવામાં આવે. એમાંય જો પસ્તીવાળો એક-બે રૂપિયાના ઓછા ભાવમાં પસ્તી લઈ જાય અથવા તેલનો ખાલી ડબ્બો પૂરા ભાવમાં ના અપાય (પૂરો ભાવ એટલે સામેવાળા કંજૂસ કોકિલાબેનને જે ભાવે ડબ્બો આપ્યો હોય તે) તો બિચારો આદમી સાવેસાવ બિચારો થઈ જાય. હવે પસ્તી અને ભંગારની આઈટમો એટલી વધી ગઈ છે કે ના પૂછો વાત. ગાંધીનગરમાં કદાચ સૌથી વધુ ફેરિયાઓ આ પસ્તી-ભંગારવાળા હશે. તમે હજુ સવારના પહોરમાં નહાઈધોઈ કમ્પાઉન્ડમાં બેસી છાપુ હાથમાં પકડી, ચા પીતા હોય ત્યાં જ બૂમ સંભળાય 'એ...ય, પેપર... પસ્તી... ભંગાર' આપણે છાપામાંથી મોઢું બહાર કાઢીને તરત છાપા સામે જોઈ પૂછે, 'સાહેબ, પસ્તી આપવાની છે?' છાપા સામે એ એવી નજર કરે જાણે અને વાંચ્યા પહેલાં પસ્તીમાં આપી દેવાનું હોય! આપણે 'ના' કહીએ એટલે પાછો કપ સામે નજર માંડી પૂછે. 'તો પછી ભંગાર, સાહેબ 'આવાને શું જવાબ આપવો એની કશી સૂઝ પડે નહીં. બીજા બધાં ભલે ગમે તે સમજે, પણ ખુદ આપણાથી તો આપણી જાતને ભંગારમાં ગણાવાય નહીં ને? વળી સવારની પહેલી જ ચા એવી 'ભંગાર' ભણકાણી હોય કે આ સાથે સીધો કપ એના માથા પર ફટકારવાનું મન થઈ જાય. સમસમીને બેસી રહીએ. શું થાય બીજું, આખરે આપણે પણ ભારતીય પ્રજાજનનું એક અંગ છીએ!'

તમને થશે, આ સાફ-સ્વચ્છતા ઝૂંબશ પતી છે તો હવે નાસ્તા-પાણીની વાત જરૂર કરવાના. સાચે જ તમારી ધારણા એકદમ નિશાના પર છે. હું જરૂર લખત. લખતા માંગુ છું પણ ખરો? પરંતુ હવે જૂનો ભૂતકાળ ઉખેડીને દુઃખી થવાની શી જરુર છે? ઘરના નાસ્તા ઉત્તમ હોય છે એવું તમારી જેમ જ હું ય માનું છું. ભારતભરના સમજદાર માણસો સમજે છે, પણ એ બધી કડાકૂટ કરવા નવરું છે કોણ? હવે બધું ય તૈયાર મળે છે, મુઠિયા, પાપડ, ચોળાફરી, જાતજાતના ચવાણા અને મીઠાઈઓ, તમે જે માંગો તે મળે છે. સુંવાળી, ઘૂઘરા, જેવી એક બે આઈટમો ના ચાખવા મળે તો કાંઈ નહીં, જેવા આ છોકરાંવના નસીબ. પણ એની સામે તહેવારના શરબતો અને ભાતભાતના આઈસ્ક્રીમ મળે છે એનું કાંઈ નહીં. પાછા જાતજાતના મુખવાસ અને દરેક કિંમતની ચૉકલેટો એ બધું આપણા જમાનામાં કયાં હતું? ચાઈનીઝ ફટાકડા, ચાઈનીજ રોશની અને ચાઈનીઝ કોડિયા ય મળવા માંડ્યા છે. તમે ખાલી દિવાસળી ચાંપીને બોલો, 'ભારત માતાની જે' ફટાકડો ફૂટે, લાઈટ ઝળકે ના ઝળકે પણ પેલાં કોડિયું ચોક્કસ પ્રગટવાનું કરાણ એમાં આપણા વાગડમાં પાકેલા કપાસના રૂમાંથી દિવેટ બનાવેલી છે અને તેલ અમારા કાઠિયાવાડમાં પાકેલી મગફળીમાંથી કાઢેલું ચે.

દિવાળીની અઢળક શુભેચ્છાઓ. રૂબરૂ ના મળાય તો કંઈ નહીં, શબ્દથી મળીએ.

આપણે મળીએ...

બળેલા જીવને બાળીને આપણે મળીએ,
જતી રહી હો દિવાળીને આપણે મળીએ.
ભીંતરના ભાવને ભાળીએ આપણે મળીએ,
કહો તો પાંપણો ઢાળીએ આપણે મળીએ.
સૂકામણાં યદિ સંબંધના સહી ન શકાય,
તો પાંપણોને પલાળીને આપણે મળીએ.
વિધિએ સ્વપ્ન સમો પણ વિકલ્પ રાખ્યો છે.
મિલનની ટેવને ટાળીએ આપણે મળીએ.
નસીબના ગગને એક દી જ આડો છે,
અમાસે બીજ નિહાળીને આપણે મળીએ.
આ પાનખરનો 'ગની', કોઈ તો હશે રક્ષક,
નવા જ ક્ષેત્રના મળીએ આપણે મળીએ.

- ગની દહીંવાળા

આવી દિવાળી નવવર્ષ લાવી! રૂડી દિવાળી નવવર્ષ લાવી!

લાગણીનો મેળો
રસિક વાળંદ

આવી દિવાળી નવ વર્ષ લાવી!
ભૂલી વેર-ઝેર ભેટીએ ઉમંગે.
અંતર અજવાળતી આવી દિવાળી!
ફોડી ફટાકા જલાવો દ્વેષો,
જલાવો ઝળહળ જ્યોત નિરાળી,
આવી દિવાળી નવવર્ષ લાવી!

ત્યજી દો ખટાશ – ખારી,
ભરો હૈયે મીઠાશ ભારી.
આવી દિવાળી નવવર્ષ લાવી!
નરકાસુરને હણવા આવી દિવાળી,
ઊલેચવા આતમ અંધાર આવી દિવાળી,
રૂડી દિવાળી નવવર્ષ લાવી!

નાનપણમાં દિવાળી પહેલાંના દિવસો સાચા અર્થમાં ખૂબ રસપ્રદ, ઉત્સાહભર્યા અનેક આશાઓ લઈને આવતા અનુભવ્યા છે.

નવરાત્રિ – દશેરાનું પર્વ પૂરું થાયને દિવાળીના એંધાણ વર્તાય... ખાવા પીવાનું ભૂલી સૌ સાફ સફાઈમાં લાગી જાય. પ્રત્યેક ઘેર ઝાપટ ઝૂપટ ચાલે... વહુવારુઓ, બહેનો વાંસના ટોપલા ભરી તાંબા – પિત્તળનાં વાસણો માંજવા નદીએ જાય. ખાટી છાશ, ખાટી આંબલી, ભીન્ડીના પાન, રાખને ઢેખાળા વડે વાસણો મંજાય... ચકચકિત કરાય... ગામ આખાની વહુ વારુઓ, દીકરીઓ, નાના ભૂલકાઓથી નદી કાંઠો ગૂંજી ઊઠે, જૂના પોપડા ઊખેડી નવું લીંપણ શરુ થાય. લાલ માટીને છાણનો ગારો બને, પગથી ખૂંદવાની મજા આવતી. કુટુંબ – પડોશની બહેનોની મદદગારીથી ઓળીયા, ગાર માટીનાં કલાત્મક લીંપણ થતાં, એ જોઈ સૌ હરખે ભરાય... વાઘબારસ પહેલાં તો ઘરનું કલેવર બદલાઈ જાય, બધું નવું નવું લાગે. ધનતેરસે ધન (લક્ષ્મી) ની પૂજા કરાય. જૂના કાળના ચાંદીના સિક્કા અમે વિસ્મયભરી આંખે જોતા. પંચામૃત ને પ્રસાદ વહેંચવાની અધીરાઈ. કાળીચૌદસે તાંત્રિકો અને ભુવા – ભરાડીઓ સ્મશાનમાં જઈ ભૂતપ્રેત સાધે એવું વડીલો કહેતાં. કેટલાક હનુમાન રક્ષા કવચ બાંધતા અને સંધ્યાટાણે તળેલાં વડાનું હવિષ્યાન્ન ચૌટે પ્રેતભોજન માટે મૂકી કકળાટ કાઢતા. દિવાળીના દિવસે વેપારી ચોપડાપૂજન કરતા વર્ષભરનું સરવૈયું મેળવી હિસાબ સરભર કરતા. અવનવી વાનગીઓ બનતી. ગોળ, એલચી ને ચોખ્ખા ઘીની સુવાસથી ઘર મઘમઘતું. આજની જેમ રોકડા રૂપિયા જોવા મળે નહીં એટલે શેઠની દુકાનેથી કરિયાણું ઉધાર લઈ આવવાનું સાથે થોડાક ફટાકડા પણ મળે ને અમે રાજી થતા. શાખે ને વાયદે વ્યવહાર ચાલતો. ક્યારેક સગવડ હોય તો નવાં કપડાં કે પગરખાં મળી જાય તો અમારી દિવાળીને ચારચાંદ લાગી જતા... વડીલો પિત્તળની વાટકી તળે ઘી લગાડે ને દીધે ધરી મેંશ તૈયાર કરી બાળકોની આંખે આંજે. દિવાળીએ બનતા ચુરમાના લાડુ ક્યારે ખાવા મળે એની અધીરપ તો અકથ્ય! ઘેર-ઘેરથી અવનવાં વ્યંજનોની મીઠી સોડમથી મન ભરાઈ જતું. વડીલો ઘરનાં બાળકો માટે મેરાયાં તૈયાર કરતા. તુંબડું – દૂધીને કલાત્મક રીતે કાપીને કે કોડિયાં કોરીને દિવેલા – એરંડાનો ટુકડો લગાવીને તૈયાર કરતા, નવા જન્મેલા બાળકની પહેલી દિવાળી હોય તો કોપરાની કાચલીનું મેરાયું તૈયાર કરતા. રાત્રે નવાં કપડાં પહેરી બાળમંડળી ગીતો ગાતી મેરાયાંમાં તેલ પૂરાવા ઘેર ઘેર ફરતી. કિલ્લોલ કરતી... છેલ્લે સળગતું મેરાયું ગાય-ભેંસને ગમાણમાં બતાવી ગામના ચોરે મૂકી આવે. થોડાઘણા ફટાકડા ફોડીને આનંદ કિલ્લોલ કરતાં. બેસતાવર્ષે વહેલા ઉઠી નાહી-ધોઈ નવા કપડે સજ્જ થઈ 'સાલમુબારક' કહેવા ઘેર ઘેર જતાં. ગાય-ભેંસના શીંગડા રમજીથી રંગતા. ઓડ-વણજારા લોકો પોતાના ગધેડાંને અવનવા રંગે રંગી ગામ વચ્ચે દોડાવતાં. ગાય-ભેંસોને પણ ભડકાવતા... ક્ષત્રિય યુવાનો રાત્રે 'ઝાયણી' રમતા. આઠમની ફળીની ફૂરરે... ઉગમણી ફળીની ફૂરરે... ની બુમો પાડી સામસામે ફટાકડા ફેંકતા... કિકિયારીઓ કરતા.. કેટલાક દાઝતા પણ ખરા... ભાઈબીજે બહેનને ત્યાં જવાનું નવાવર્ષની શુભેચ્છા પાઠવી યથાશક્તિ ભેટ આપતા...

આ તો હતી વર્ષો પહેલાની અમારી દિવાળી...આજે ઘણું બધું ભૂલાયું ને ભૂંસાયું.... સાપ ગયાને લિસોટા રહ્યા... અન્યત્ર ધંધાર્થે ગયેલા ચાહીને દિવાળી ટાણે તો વતનમાં જ આવતા... આજે રુખ બદલાયી... કુટુંબ – પરિવાર વિભક્ત થયાં ને સ્વજનો બધાં વિખરાયાં... સૌ વેર – વિખેર... ભાવનાત્મક લગાવ ઘટ્યો... પૈસે-ટકે, ખાધે – પીધે સુખી થયાં એટલે બારે મહિના દિવાળી.... શહેરોમાં આધુનિક દિવાળીની ઉજવણી વધારે જાહોજલાલીવાળી અને ખૂબ જ લાંબા સમય સુધી ચાલતી હોય છે. વધારે પૈસા વેડફાતા જોવા મળે છે.

મહાનગરો અને શહેરોમાં પણ દિવાળીની રજાઓ હિલ સ્ટેશન ઉપર ગાળવાનું ચલન વધ્યું છે.. દેખાદેખીએ ક્યાંક ને ક્યાંક ફરવા જવાનાં આયોજનો થવા લાગ્યાં છે. પ્રામાણિકપણે કહું તો તહેવારોની ઉજવણીમાં પહેલાંના જેવી સ્વાભાવિકતા રહી નથી. તહેવારોની કુદરતી મજા છીનવાઈ ગઈ છે. આપણે બધા જ કુત્રિમ બનાવટી ઉપલકિયા બની ગયા છીએ. આ વાસ્તવની સામે એ વાત પણ વિચારણીય ખરી કે સમયની સાથે સઘળું બદલાયું એમ તહેવારોની ઉજવણી પણ બદલાય જ ને...પહેલાં ટાંચા સાધનો. અનેકવિધ અભાવો માનવજીવનમાં હતા. એટલે લગ્નો કે તહેવારોની આતુરતાથી સૌ વાત જોતા... ગૃહિણીઓ અને નોકરી કરતી મહિલાઓની દિનચર્યા બદલાઈ છે. જીવન પદ્ધતિ એવી ગોઠવાઈ છે કે સાફસૂફી કે ઘરને તોરણ બાંધવાનો પણ સમય ક્યાં મળે છે, એટલે જ દિવાળી ટાણે બધું જ 'રેડીમેઈડ' તૈયાર લાવવું પડે છે. ભલે બધું જ વેચાતું લાવે પણ તહેવારોને ઉજવવાનો અને આનંદ માણવાની તક છોડતા નથી એ ય ઘણું છે. કે થોડેક અંશે આછકલાઈ ને છીછરાપણું ક્યાંક દેખાય ત્યારે એવું લાગે પણ ખરું કે આપણા સાંસ્કૃતિક મૂલ્યો ભૂંસાવા ને ભૂલાવા માંડ્યા.

દોસ્તો, એકધારા ઘરેડબદ્ધ જીવાતા જીવનમાં ઉત્સાહને આશાનો સંચાર કરનારા તહેવારો માનવ જીવનને નવી ગતિ બક્ષે છે. સાથે માનવ વિકાસોન્મુખ બને એ પણ એટલું જ જરૂરી છે... પ્રત્યેક પર્વ જીવનબોધ લઈને આવે છે. બાહ્ય – સ્થૂળ ઉજવણીની સાથે માનવ્ય મ્હોરે એ